E:\Sachin\JOSHIBHAI\OTHER FOR 2018-19\ 11


# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

## સામાજીક વનીકરણ,વિભાગ-ગીર સોમનાથ

રાજેન્દ્ર ભુવન રોડ ,કોર્ટ બિલ્ડીંગની પાછળ, વેરાવળ

ફોન નં.૦૨૮૭૬-૨૨૩૨૮૭ ઈ-મેઇલ:- dcf.girsomnath@gmail.com


વન વિભાગ ગુજરાત રાજ્ય

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**ક્રમાંક:- બ/જમન/ટે.૭/** ૭૧૫૯-૯૨ **/૨૦૨૦-૨૧** **તા.**૦૨**/૦૮/૨૦૨૦** ૦૯

**પ્રતિ,**

કાર્યપાલક ઇજનેરશ્રી,
જાહેર આરોગ્ય સુખાકારી
વેરાવળ.

**વિષય :-ડ્રાઇવર્ઝન ઓફ ૪.૦૭ હેકટર રોડ સાઇડ ફૉરેસ્ટ લેન્ડ ફોર લેઇર્નીંગ ઓફ અન્ડર ગ્રાઉન્ડ ડ્રીકીંગ વોટર સપ્લાઇ પાઇપલાઇન પૅરેલલ ટુ રોડ ઇન ગીર સોમનાથ ડ્રીસ્ટ્રીકટ & જુનાગઢ ડ્રીસ્ટ્રીકટ.**

**સંદર્ભ:**-૧.આપનાં પત્રાક પી.બી./પ્રાંચી ગ્રુપ/૧૧૭૧/તા.૧૩/૦૭/૨૦૨૦
૨. અત્રેનાં પત્રાંક:-બ/જમન/ટે.૭/૨૮૮૧-૮૨/તા.૧૭/૦૭/૨૦૨૦
૩.રાઉન્ડ ફોરેસ્ટરશ્રી,વેરાવળના પત્રાંકઅ/મહક/૧૭/તા.૧૮/૦૮/૨૦૨૦
૪.રેન્જ ફૉરેસ્ટ ઓફિસરશ્રી સામાજીક વનીકરણ રેન્જ પ્રભાસ પાટણનાં પત્રાંક અ/જમન/૭૬/૨૦૨૦-૨૧ તા.૩૧/૦૮/૨૦૨૦.

સવિનય જણાવવાનું કે,ઉપરોકત સંદર્ભ-૧નાં આપના પત્રથી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ મંજુરી અર્થે પ્રાંચી ગ્રુપ હેઠળની ડ્રાઇવર્ઝન ઓફ ૪.૦૭ હેકટર રોડ સાઇડ ફૉરેસ્ટ લેન્ડ ફોર લેઇર્નીંગ ઓફ અન્ડર ગ્રાઉન્ડ ડ્રીકીંગ વોટર સપ્લાઇ પાઇપલાઇન પૅરેલલ ટુ રોડ ઇન ગીર સોમનાથ ડ્રીસ્ટ્રીકટ & જુનાગઢ ડ્રીસ્ટ્રીકટ અન્વયેની દરખાસ્ત અત્રે રજુ થયેલ. જે અન્વયે ઉપરોકત સંદર્ભ-૨નાં અત્રેનાં પત્રથી રેન્જ ફૉરેસ્ટ ઓફિસર પ્રભાસ પાટણ તથા આપને/આપના પ્રતિનિધીને જોઇન્ટ સર્વે તથા પંચ રોજકામ કરવા જણાવેલ હતુ.

ત્યારબાદ જોઇન્ટ સર્વે માટે આપનાં પ્રતિનિધી શ્રી વી.એન.મેવાડા (નાયબ કાર્ય પાલક ઇજનેરશ્રી)નાં મોબાઇલ નંબર +૯૧ ૯૯૭૮૪ ૪૩૫૫૦ ઉપર સંપર્ક કરેલ, તેમજ અવાર-નવાર આ બાબતે આપના પ્રતિનિધી સાથે દુરવાણી યંત્ર ઉપર વાત થયેલ પરંતુ આજ દિન સુધી સદર બાબતે આપશ્રી/પ્રતિનિધી તરફથી કોઇ પ્રત્યુતર કે પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી.

આથી ઉપરોકત સંદર્ભ-૩નાં પત્રથી રાઉન્ડ ફોરેસ્ટરશ્રી,વેરાવળ દ્વારા તારીખ ૧૮/૦૮/૨૦૨૦ થી લેખીતમાં જોઇન્ટ સર્વે બાબતે જાણ કરવામાં આવેલ.ત્યાર બાદ આપનાં પ્રતિનિધી શ્રી જી.એલ.પાતરા (મદદનીશ ઇજનેર) તથા ગૌરાંગભાઇ ડાભી (પી.એમ.સી) દ્વારા રૂબરૂ મળેલ તથા વરસાદી માહોલ હોય તથા અન્ય કામગીરીમાં રોકાયેલ હોય તેવુ જણાવેલ તેમજ તેઓ અત્રેનાં તાબાની રેન્જ કચેરીનાં ટેલીફોન નંબર પણ લઇ ગયેલ હતા.જેઓ દ્વારા આજ-દિન સુધી આ બાબતે કોઇ સંપર્ક કરેલ નથી.

ઉપરોકત સંદર્ભ-૪નાં પત્રથી રેન્જ ફૉરેસ્ટ ઓફિસરશ્રી સામાજીક વનીકરણ રેન્જ,પ્રભાસ પાટણ દ્વારા અત્રેને મળેલ અહેવાલમાં જણાવ્યા મુજબ આજ-દિન સુધી આ બાબતે આપના દ્વારા જોઇન્ટ સર્વે કરવા માટે કોઇ સમય ફાળવેલ ન હોય જેના લીધે જોઇન્ટ સર્વેની કામગીરી આજ દિન સુધી પુર્ણ થયેલ નથી. જે ખુબજ ગંભીર બાબત છે.

સદરહું દરખાસ્તની સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની હોય છે.જે આપની વિલંબતાનાં કારણે પુર્ણ થઇ શકેલ ન હોય તેમ સ્પષ્ટ થાય છે.આથી આવી દરખાસ્તોને વધારે સમય સુધી અત્રેની કક્ષાએ પેન્ડીંગ રાખી શકાય નહીં આથી અત્રેનાં ઓનલાઇન પોર્ટલ ઉપરથી સદરહું દરખાસ્તને આપની કક્ષાએ પરત મોકલવામાં આવે છે.જે જાણ થવા વિનંતી છે.

**નાયબ વન સંરક્ષક**
**સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથ**

**નકલ સાદર રવાનાં:-** અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી"જમીન" ગુજરાત રાજય ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.
**નકલ સાદર રવાનાં:-** વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વર્તુળ,રાજકોટ તરફ જાણ થવા સારૂ.
**નકલ રવાનાં:-**રેન્જ ફૉરેસ્ટ ઓફિસરશ્રી,સા.વ.રેન્જ પ્રભાસ પાટણ(વેરાવળ) તરફ સંદર્ભ-૪ અન્વયે જાણ માટે.